॥ श्रीगौतमाय नमः ॥

સુરતનાં

# જૈન લેખકો અને લેખિકાઓ

[ દિગ્દર્શન અને કૃતિકલાપ ]


○ લેખક ○

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.



○ પ્રકાશક ○

શ્રી દેશાઇપોળ જૈન પેઢીના મેનેજિંગ ટ્રસ્ટીઓ

પ્રથમાવૃત્તિ ] [ પ્રતસંખ્યા ૧૦૦૦

વિ. સં. ૨૦૨૨ ] વીરસંવત્ ૨૪૯૨ [ ઇ. સ. ૧૯૬૫



Scanned by CamScanner

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| પ્રકાશકીય | ૫–૬ |
| ઉત્થાનિકા | ૭–૮ |
| **સુરતનાં જૈન લેખકો અને લેખિકાઓ** | **૧–૨૪** |
| ૧. અમીચંદ મોતીચંદ ઝવેરી | ૧ |
| ૨. ઇન્દિરા હીરાલાલ કાપડિયા | ૨ |
| ૩. ઇન્દુકળા હીરાચંદ ઝવેરી | ૨–૩ |
| ૪. ઈશ્વરલાલ સુરચંદ બંગડીવાળા | ૩ |
| ૫. કાન્તિલાલ જીવણલાલ શાહ | ૪ |
| ૬. કેશરીચંદ હીરાચંદ ઝવેરી | ૪ |
| ૭. ખુશમનલાલ હીરાલાલ કાપડિયા | ૫ |
| ૮. જયંતીલાલ સૂરચંદ બદામી | ૫–૬ |
| ૯. જીવણચંદ સાકરચંદ ઝવેરી | ૬ |
| ૧૦. બિપિનચન્દ્ર જીવણચંદ ઝવેરી | ૬–૭ |
| ૧૧. બિપિનચન્દ્ર હીરાલાલ કાપડિયા | ૮ |
| ૧૨. ભૂપેન્દ્ર ઠાકોરદાસ વકીલ | ૮ |


Scanned by CamScanner

૧૩. મગનલાલ નવલચંદ લાકડાવાળા ૯

૧૪. મણીલાલ રસિકદાસ કાપડિયા ૯–૧૦

૧૫. મનહરલાલ ચોકસી ૧૦

૧૬. મનોરમા હીરાલાલ કાપડિયા ૧૧

૧૭. મહેન્દ્ર ચીમનલાલ કાપડિયા ૧૧

૧૮. મીનાક્ષી જીવણચંદ મલજી ૧૨
( સાધ્વી મયણાશ્રી ). [ સૂર્યશિશુ ]

૧૯. રણજીતલાલ ખીમચંદ મપારા ૧૨–૧૩

૨૦. વિબોધચન્દ્ર હીરાલાલ કાપડિયા ૧૪–૧૫

૨૧. શાન્તિલાલ ભગવાનજી દામકાકર ૧૫

૨૨. સાકેરચંદ માણેકચંદ ઘડિયાળી ૧૫–૧૬

૨૩. સુશીલા ચીમનલાલ ઝવેરી ૧૬

૨૪. સૂર્યકાન્ત શોભાગચંદ શાહ ૧૭

૨૫. હીરાચંદ કસ્તૂરચંદ ઝવેરી ૧૭–૧૮

૨૬. હીરાચંદ દેવચંદ ( હાલ હેમસાગરસૂરિજી ) ૧૮–૧૯

૨૭. હીરાલાલ રસિકદાસ કાપડિયા ૧૯–૨૪


Scanned by CamScanner

# પ્રકાશકીય

આ સુરત શહેરમાં "શ્રી દેશાઈ પોળ જૈન પેઢી" બાવીસ વર્ષથી ધાર્મિક અને સામાજિક સેવાનાં કાર્યો કરે છે.

અહીં "ગુજરાતી સાહિત્ય પરિષદ" આ વર્ષના ડિસેમ્બરની તારીખ ૨૫, ૨૬ અને ૨૭ને રોજ મળનાર છે. એ પ્રસંગે અહીં પધારેલ સાક્ષરોમાંથી કોઈ કોઈ એ જાણવા માંગે કે સુરતનાં જૈન લેખકો અને લેખિકાઓ કોણ કોણ છે અને તેમણે કઈ કઈ કૃતિઓ રચી છે તો તેનું માર્ગદર્શન મળે તે હેતુથી અમો અહીંના પ્રો. હીરાલાલ ર. કાપડિયાને મળ્યા ને એ તૈયાર કરવા તેમને વાત કરી. તેમને અનુકૂળતા ન હોવા છતાં તેમણે એ તૈયાર કરી આપેલ છે.

એઓ સુરતમાં અગ્રગણ્ય જૈન સાહિત્યકાર છે. આ પુસ્તિકામાં એમને પોતાની કૃતિઓની સૂચી તો આપી છે પરંતુ પોતાનો પરિચય આપ્યો નથી એટલે એ સંબંધમાં થોડી માહિતી આપવાનું ઉચિત માનીએ છીએ.

પ્રો. કાપડિયાનો જન્મ સુરતમાં સને ૧૮૯૪માં થયો હતો. એઓ સને ૧૯૧૪માં બી.એ. અને સને ૧૯૧૮માં એમ.એ. ગણિત સાથે થયા હતા. સને ૧૯૧૮થી ૧૯૨૪માં એઓ મુંબઈની વિલ્સન કૉલેજ, સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કૉલેજ અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના અધ્યાપક હતા.

ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં મુંબઇ સરકારની માલિકીની વીસેક હજાર હસ્તલિખિત પ્રતિઓ છે. તે પૈકી ચારેક

Scanned by CamScanner

હજાર જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાન અંગેની છે. એનું વર્ણનાત્મક સૂચીપત્ર પૂનામાં રહીને એમણે સને ૧૯૩૦થી ૧૯૩૬ના ગાળામાં તૈયાર કરી આપ્યું હતું.

એમણે સને ૧૯૩૯થી ૧૯૪૯ સુધી એમ. ટી. બી. કૉલેજમાં અર્ધમાગધીના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. એ અરસામાં એઓ મુંબઈ વિદ્યાપીઠના અર્ધમાગધીના પી.એચ. ડીના માર્ગદર્શક હતા. વિશેષમાં ડી.લિટ.ની પદવી ધરાવનારા એક પ્રાધ્યાપકને મુંબઇ વિદ્યાપીઠ તરફથી "સ્પ્રિન્જર રીસર્ચ સ્કોલરશીપ" મળતાં એઓ તેમના એક નિરીક્ષક નિમાયા હતા.

આ વિદ્યાપીઠ તરફથી એમને પાંચ વાર સંશોધન-દાન ( research grant ) અને એક વાર પ્રકાશન-દાન ( publication grant ) મળ્યાં હતાં.

૧૯૪૯ના જુલાઇમાં એઓ નિવૃત્ત થયા છે પરંતુ એમણે ૭૧ વર્ષની વયે પણ એમની લેખનપ્રવૃત્તિ ચાલુ જ રાખી છે.

એમણે ટૂંક સમયમાં આ પુસ્તિકા તૈયાર કરી આપી તે બદલ એમનો તેમ જ " સૂરત સિટિ પ્રિન્ટિંગ પ્રેસે " આ પુસ્તિકા સત્વર છાપી આપી તે માટે તેમનો આભાર માનીએ છીએ.

" જૈન લેખકોને વિનંતી"રૂપ અમારું લખાણ "ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ"ના તા. ૧૩-૧૨-'૬૫ ના અંકમાં છપાતાં ચાર લેખકોએ પોતાની થોડીક માહિતી મોકલી આપી હતી.

લી.

**શ્રી દેશાઈપોળ જૈન પેઢી, સુરતના**

**ટ્રસ્ટીઓ**

Scanned by CamScanner

# ઉ ત્થા નિ કા

હમણાં જ થોડા વખત ઉપર અહીંના – સુરતના "સુધરાઇ સમાચાર"ના સંપાદક શ્રી રજનીકાન્ત મોતીરામ ચોકસી મને મળવા આવ્યા હતા. તેમણે મને કહ્યું કે અહીં "ગુજરાતી સાહિત્ય પરિષદ્"નું ૨૩મું અધિવેશન ભરાવાનું છે તો એ નિમિત્તે સુધરાઇ એક પુસ્તિકા પ્રસિદ્ધ કરનાર છે. એમાં "સુરતના જૈન સાહિત્યકારો" નામનો એક લેખ આપવો છે તો તમે એ લખી આપશો. મેં કહ્યું કે અત્યારે મારી બે પ્રકારની મુશ્કેલી છે : (૧) સાહિત્યિક પ્રવૃત્તિઓનો બોજો અને (૨) આંખની તકલીફ. આને લઈને હું ટૂંક સમયમાં લેખ તૈયાર કરી શકું તેમ નથી. એ સાંભળી એમણે મને પૂછ્યું કે કોઈ તૈયાર કરી આપે તેમ હોય તો તેમનું નામ જણાવો. મેં જવાબ આપ્યો કે એવી કોઈ વ્યક્તિ મારા ખ્યાલમાં નથી. ત્યાર બાદ એઓ વિદાય થયા પરંતુ મારું મન ચકડોળે ચડયું. સૌથી પ્રથમ તો મને એ વિચાર આવ્યો કે જેમ સાહિત્ય–વાઙ્મયના ક્ષેત્રની વ્યાપકતાને લગતા મતભેદોને લઈને એની વિવિધ વ્યાખ્યાઓ કરાય છે તેમ 'સાહિત્યકાર' માટે પણ કહી શકાય. આથી મુંઝવણ થતાં મેં એવો તોડ કાઢ્યો કે હાલ તુરત તો સુરતનાં જૈન વિદ્યમાન અને વિદેહી લેખકો અને લેખિકાઓનો સંક્ષિપ્ત પરિચય આપવાપૂર્વક ખાસ કરીને એમની કૃતિઓની નોંધ

Scanned by CamScanner

લેવી. એવામાં અહીંની "શ્રી દેશાઈ પોળ જૈન પેઢી"ના એક મેનેજિંગ ટ્રસ્ટી અહીં જૈન સાહિત્ય પ્રદર્શનની યોજના વિચારવા તેમ જ જૈન લેખકો અંગે પુસ્તિકા તૈયાર કરાવવા માટે મને મળવા આવ્યા. એમને મેં સૂચવ્યું કે હું ઉપર મુજબનું લખાણ તૈયાર કરી આપું તો તે તમારી સંસ્થાએ છપાવવા યોગ્ય પ્રબંધ કરવા કૃપા કરવી. એમની તરફથી આ બાબત સંમતિ મળતાં મેં લેખકો અને લેખિકાઓના પરિચય માટે એ પૈકી જેમનો સૂરત સોનાની મૂરત તથા ગ્રન્થ અને ગ્રન્થકારમાંથી પરિચય મળે તેમ હતું તેમનો તે રીતે અને અવશિષ્ટ વ્યક્તિ-ઓ માટે અંગત પત્રવ્યવહાર કરી મેં મેળવ્યો. તેમ કરવામાં મને શ્રી. ડાહ્યાભાઈ રતનચંદ કિનારીવાળાએ સહાય કરી છે.

પ્રસ્તુત લખાણ ટૂંક સમયમાં અને વિષમ પરિસ્થિતિમાં તૈયાર કરાયું છે એથી વિશેષ તપાસ થઈ શકી નથી. જેમને અંગે નોંધ કરવી બાકી રહી જતી હોય તેમને વિષે જો સપ્રમાણ માહિતી મળશે તો પ્રસંગોપાત્ત તેનો યથાયોગ્ય ઉપયોગ કરાશે એટલે આ દિશામાં જેમનાથી સહકાર આપી શકાય તેમ હોય તેમને તેમ કરવા મારી સાદર અને સાથે સાથે સાગ્રહ વિજ્ઞપ્તિ છે.

ઘર નં. ૧૫૭૮, કાયસ્થ મહોલ્લો,
ગોપીપુરા, સુરત.
તા. ૧૯–૧૨–'૬૫

હીરાલાલ ર. કાપડિયા

Scanned by CamScanner

સુરતનાં

# જૈન લેખકો અને લેખિકાઓ

## [ દિગ્દર્શન અને કૃતિકલાપ ]

અત્યાર સુધીમાં મને એકવીસ લેખકો અને પાંચ લેખિકાઓને અંગે ન્યૂનાધિક પ્રમાણમાં માહિતી મળી છે. એ હું નીચે મુજબ રજૂ કરું છું :—

### ૧. સ્વ. [૧]અમીચંદ મોતીચંદ ઝવેરી

[ જન્મ–સુરતમાં સને ૧૮૪૬માં; નિવાસ–આમલીરાન; અવસાન–સને ૧૯૩૯માં ]

સુરતના નામાંકિત ભક્ત જનો પૈકી એઓ એક છે. એઓ અંબાજીના છંદ ગાતા હતા. એમણે ઇ. સ. ૧૯૩૪થી દાંતાના રાણા પાસે જૈન યાત્રીઓનો મુંડકાવેરો માફ કરાવ્યો હતો. એમની કૃતિઓ નીચે મુજબ છે :—

(૧–૧૦) અંબાજીના છંદનું પુસ્તક (ભા. ૧–૧૦), ચંડીપાઠ, (૧૨) સંકટહરણ ગરબાવલી, (૧૩) દુઃખાહરણ અને (૧૪) સાધુસમાગમથી જીવનમુક્તિ.

---

૧. એમનો પરિચય સૂરત સોનાની મૂરત (પૃ. ૨)માં અપાયો છે.

Scanned by CamScanner

## ૨. શ્રીમતી ઇન્દિરા હીરાલાલ કાપડિયા

[ જન્મ—ભાવનગરમાં સને ૧૮૯૮માં; જ્ઞાતિ—દસા ડીસાવાલ વણિક; લગ્ન સને ૧૯૧૩માં; નિવાસ—કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા ]

આ સ્વ. રા. સા. વૃન્દાવન છોટાલાલ જાદવની સૌથી નાની બેન અને મારી ધર્મપત્ની થાય છે. એણે મારી સાહિત્યપ્રવૃત્તિમાં રસ લઈ યથાયોગ્ય સહકાર આપ્યો છે અને આજે પણ આપે છે. એણે " પ્રાચીન અને અર્વાચીન સમયની સ્ત્રીઓનો પહેરવેશ " નામનું પુસ્તક લખ્યું છે. એ સચિત્ર પુસ્તક ઇ. સ. ૧૯૩૯માં છપાવાયું છે. ત્યાર બાદ તેમ જ એ પૂર્વે એના કેટલાક લેખો પ્રકાશિત થયા છે. એનો એક લેખ " માનસી "માં છપાયો છે.

---

## ૩. ડૉ. ઇન્દુકળા હીરાચંદ ઝવેરી

[ જ્ઞાતિ—વીસા ઓસવાલ જૈન; નિવાસી—માળીફળિયા, ગોપીપુરા; હાલ અમદાવાદ ]

એઓ શ્રી. હીરાચંદ કસ્તૂરચંદ ઝવેરીનાં પુત્રી થાય છે. એઓ ઇ. સ. ૧૯૫૦માં મુંબઇ વિદ્યાપીઠના એમ. એ થયા. ઇ. સ. ૧૯૫૩ માં પી. એચ. ડી. ( ગુજરાત યુનિવાર્સિટી )ની પદવી એમણે નિમ્નલિખિત મહાનિબંધ લખી મેળવી હતી :—

The Sāṁkhya-Yoga and the Jain Theories of Pariṇāma [સાંખ્ય અને જૈન પરિણામવાદ].

સમભાવભાવી હરિભદ્રસૂરિએ વિવિધ વિષયના જે મનનીય ગ્રન્થો રચ્યા છે તે પૈકી જોગસયગ ( યોગશતક )નું સંપાદન

Scanned by CamScanner

એમણે કર્યું છે. એ ગુજરાતી વિવેચન અને વિસ્તૃત પ્રસ્તાવનાથી અલંકૃત છે એ 'યોગશતક'ના નામથી સને ૧૯૫૫માં અને એનો અનુવાદ ગઈ સાલ પ્રસિદ્ધ કરાયેલ છે. વિશેષમાં એમણે પ્રો. હિરિયણ્ણાએ રચેલા "Outlines of Indian Philosophy" નામના પુસ્તકના બીજા ભાગનો દર્શનોને અંગેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. એનું નામ "ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા" છે.

એઓ હાલમાં અમદાવાદની હ. કા. આર્ટસ કોલેજમાં સંસ્કૃતનાં પ્રાધ્યાપિકા છે.

---

## ૪. ડૉ. [1]ઈશ્વરલાલ સુરચંદ બંગડીવાલા

[ જન્મ–સુરતમાં સને ૧૯૨૨માં; જ્ઞાતિ–વીસા પોરવાડ જૈન; નિવાસી–કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા; હાલ અમેરિકા ]

એમણે ઇ. સ. ૧૯૫૦માં આંકડાશાસ્ત્રની એમ. એસ, સી.–ની અને ઇ. સ. ૧૯૫૧માં પી. એચ. ડીની પદવી એને અંગે એકેક નિબંધ લખી મેળવી હતી. એઓ ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ ભાષાના જાણકાર છે. એમણે વીમા વિષે પુસ્તક લખ્યું છે. ભારતીય સામાજિક જીવન અને તત્ત્વજ્ઞાન પરત્વે એમણે કેટલાક લેખો પણ લખ્યા છે. વિજ્ઞાન અને ગણિતને અંગે એમણે કરેલાં કેટલાં સંશોધનને લઈને અમેરિકાની કેટલીક સંસ્થાઓ તરફથી એમનું બહુમાન કરાયું હતું. સને ૧૯૫૨માં અમેરિકાના પોર્ટોરિકોની વિદ્યાપીઠમાં આંકડાશાસ્ત્રી તરીકે એમની નિમણુક થઈ હતી.

---

૧. એમના પરિચય માટે જુઓ સૂ. સો. મૂ. (પૃ. ૨૫૭).

Scanned by CamScanner

## ૫. [૧]* શ્રી કાન્તિલાલ જીવણલાલ શાહ

એમણે પોતાને નિમ્નલિખિત પુસ્તિકાના લેખક કહ્યા છે:—
યુવા કૃષક મંડળ, અમરેલી [ પરિચય પુસ્તિકા ].
આ પુસ્તિકા સચિત્ર સ્વરૂપે એમણે આ વર્ષે છપાવી છે.

## ૬. શ્રી કેશરીચંદ હીરાચંદ ઝવેરી

[ જ્ઞાતિ–વીસા ઓસવાળ જૈન; નિવાસી–ઓસવાળ મહોલ્લો, ગોપીપુરા; હાલ મુંબઈ ]

"દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ"ના એઓ એક ટ્રસ્ટી છે. એમણે ચાર સંચયાત્મક કૃતિઓ રચી છે. એનાં નામ નીચે મુજબ છે:—

(૧) સુરત ચૈત્ય પરિપાટી (૧૯૩૩).
(૨) સૂર્યપૂર અનેક જૈન પુસ્તક ભાંડાગાર દર્શિકા સૂચિ (૧૯૩૮).
(૩) સૂર્યપુરનો સુવર્ણયુગ યાને સુરતનો જૈન ઇતિહાસ (૧૯૩૯).
(૪) સૂર્યપૂર રાસમાળા (૧૯૪૦).

"સુરતની જૈન ડીરેક્ટરી" એમની કૃતિ હોવાનું સૂ. સો. મૂ. (પૃ. ૬૧)માં ઉલ્લેખ છે, જ્યારે એના મુખપૃષ્ઠ ઉપર તો એના લેખક તરીકે પોપટલાલ પુંજાભાઈ પરિખનું નામ છે.

---

૧. આ [*] ચિહ્નથી અંકિત લેખક તરફથી જરૂરી માહિતી પૂરી મળી નથી.

Scanned by CamScanner

## ૭. સ્વ. ખુશમનલાલ રસિકદાસ કાપડિયા

[ જન્મ-સુરતમાં વિ. સં. ૧૯૫૬માં; જ્ઞાતિ-દસા ડીસાવાલ વણિક; અવસાન-વિ. સં. ૧૯૮૨માં ]

આ મારા ત્રણ લઘુ બંધુઓમાં વચલો છે. મુંબઈ વિદ્યાપીઠની બી. એસ. સી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા બાદ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે એની નિમણુક થઈ હતી. એણે નિમ્નલિખિત કૃતિ રચી છે:

Questions and Solutions of Inter Science Chemistry Papers 1914–23, Bombay University ( 1923 ).

---

## ૮. ડૉ. [1]જયંતિલાલ સૂરચંદ બદામી

[ જ્ઞાતિ-વીસા શ્રીમાળી જૈન; નિવાસ-પંડોળની પોળ, વડા ચૌટા; હાલ મુંબઈ ]

એમણે ઈ. સ. ૧૯૨૮માં "Theory Of Light" નામનો એક નિબંધ લખ્યો હતો અને એ બદલ "હોમજી દાદી ખુરશેદજી પારિતોષિક" મેળવ્યું હતું. એઓ ૧૯૩૦માં ડી. એસ. સી અને ૧૯૩૧માં પી.એચ. ડી. થયા હતા. વિલ્સન કૉલેજના ગણિતના મારા યશસ્વી વિદ્યાર્થીઓમાંના તેઓ એક છે. એમણે ઇન્ટર સાયન્સની પરીક્ષા પહેલે નંબરે પસાર કરી હતી.

---

૧. એમના પરિચય માટે જુઓ સ. સો. મ. ( પૃ. ૨૫૯ ).

Scanned by CamScanner

હાલમાં એઓ મુંબઈની સ્વસ્તિક ઑઇલ મિલના વહીવટદાર છે. એઓ ન્યાયધીશ તરીકે નિવૃત્ત થનારા સ્વ. સૂરચંદ બદામીના પુત્ર થાય છે.

---

## ૯. સ્વ. જીવણચંદ સાકરચંદ ઝવેરી

[ જ્ઞાતિ–વીસા ઓસવાળ જૈન; નિવાસી–ચાલ્લા ગલી, ગોપીપુરા; અવસાન–સને ૧૯૬૦માં ]

એઓ દે. લા. જૈ. પુ. ફંડના તેમ જ આગમોદય સમિતિના એક અગ્રગણ્ય કાર્યવાહક હતા. "દે. લા. જૈ. પુ. ફંડ" તરફનાં લગભગ સો પ્રકાશનો એમના હસ્તક થયાં છે. અહીં ઘણાં વર્ષ ઉપર કવિ ન્હાનાલાલના પ્રમુખપદે જૈન સાહિત્ય પરિષદ્ મળી હતી ત્યારે તેના એઓ મંત્રી હતા. એમણે આગમોદ્ધારક નામનું પુસ્તક રચ્યું છે.

---

## ૧૦. ડૉ. બિપિનચન્દ્ર જીવણચંદ ઝવેરી

[જન્મ–સુરતમાં સને ૧૯૧૭માં; જ્ઞાતિ–વીસા ઓસવાળ જૈન; નિવાસ–ચાલ્લા ગલી, ગોપીપુરા; હાલ વલ્લભવિદ્યાનગર, આણંદ ]

એઓ સ્વ. જીવણચંદ સાકરચંદના પુત્ર થાય છે. એઓ ઈ. સ. ૧૯૪૨માં એમ. એ. થયા. ત્યાર બાદ ઇ. સ. ૧૯૪૯માં પી.એચ. ડી.ની પદવી એમણે મેળવી હતી. એઓ આણંદની ન્યૂ આર્ટસ કોલેજમાં સને ૧૯૬૪થી આચાર્ય છે. ગુજરાત વિદ્યાપીઠ તરફથી એમને ત્રણ વાર સંશોધનદાન મળ્યું હતુ. એમની કૃતિઓનાં નામ નીચે મુજબ છે :—

Scanned by CamScanner

**સંશોધન**

આપણું ભારત
દેવકીજી છ ભાયારો રાસ
રમણભાઈ નીલકંઠ
રાઈનો પર્વતની સમીક્ષા
ગૂર્જર કાવ્ય કલાપ (માલા)
જય સોમનાથની સમીક્ષા
યશોધરની ચાર નવલકથા
આપણું સાહિત્ય : ૧
આપણું સાહિત્ય : ૨

**નવલકથા**

વેર અને ક્રાન્તિ †
કલ્પના
* સિદ્ધાંગના
શોધમાં (રમણભાઈ સાથે)
ભદ્રંભદ્ર (સંક્ષિપ્ત)
બસ નંબર બાર †
* દીવાદાંડી †
* વર–વહુ અમે †
* અંતે એ પરણી †
* અભયા †
* પતિ સાથે પુનર્લગ્ન †
રત્ના †
* પ્રતિશોધ †

**નાટક**

લગ્નની બેડી †
યમનો અતિથિ
* હું ઊભો છું †
વંદે માતરમ્
* સાષ્ટાંગ નમસ્કાર †

**પાઠ્યપુસ્તકો**

સ્વસ્તિક એટલાસ †
હિન્દી બાલબોધિની †
હિન્દી ગુજરાતી અનુવાદ-માલા ૧–૨ †
હિન્દી ભાષાંતર શિક્ષિકા ૧–૨ †
હિન્દી મેવો ૧–૨ †

**વાર્તા : પ્રકીર્ણ**

બાપુજી દેસાઈ
શ્રેષ્ઠ હાસ્યકથાઓ
* વેળા ગઈ છે વીતી †
મહારાજ અને મહાત્માજી
શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો
વૈતાલની વાતો
મડા પચ્ચીસીની વાતો
પ્રો. ફ્રડકેની વાતો †
વડોદરા નરેશનાં બીજા લગ્ન
જૈન શકુનાવલિ
**महात्मा और महाराज**

---

† અનુવાદ ]    [ * સહકાર્ય

Scanned by CamScanner

## ૧૧. ડૉ. બિપિનચન્દ્ર હીરાલાલ કાપડિયા

[ જન્મ–સુરતમાં સને ૧૯૨૦માં; જ્ઞાતિ–દસા ડીસાવાલ વણિક; વાસી–કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા; હાલ વલ્લભ વિદ્યાનગર, આણંદ ]

મારા ત્રણ પુત્રો પૈકી સૌથી આ મોટો પુત્ર છે. ઈ. સ. ૧૯૪૧માં બી. એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં એણે પસાર કરી હતી. એણે ઇ. સ. ૧૯૪૩માં એમ. એ. થયા બાદ ઇ. સ. ૧૯૪૫માં "સોમ" વિષે મહાનિબંધ લખી મુંબઇ વિદ્યાપીઠની પી. એચ. ડી.-ની પદવી એણે પ્રાપ્ત કરી હતી. દરમ્યાનમાં એને "રીસર્ચ સ્ટુડન્ટ-શીપ" મળી હતી. પી. એચ. ડી.ની પદવી મેળવનાર તરીકે અહીંના જૈનોમાં એ પ્રથમ છે. અત્યારે એ આણંદની સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠમાં સંસ્કૃતના "રીડર" છે. એ પહેલાં એ બિજાપુરની વિજય કૉલેજમાં અધ્યાપક હતો. એના કેટલાક અંગ્રેજી લેખો તેમ જ કેટલાંક જર્મન લખાણોના અંગ્રેજી અનુવાદો છપાયા છે. અત્યારે તો મારી સામે એની બે જ કૃતિ હોઈ એનાં નામ નોંધું છું :

(1) Soma in the Legends.

(2) A Critcal Interpretation and Investigation of Epithets of Soma.

---

## ૧૨. *આ. ભૂપેન્દ્ર ઠાકોરદાસ વકીલ

[ નિવાસ—અમરેલી. ]

એઓ "કે. એન્ડ એમ. પી. પટેલ સાર્વજનિક વિદ્યાલય (અમરેલી)"ના આચાર્ય છે. એમની એક કૃતિનું નામ "શાંતિદૂત" છે. એમાં સ્વ. પંડિત જવાહરલાલ નેહરુનાં કાવ્યો છે.

---

## ૧૩. સ્વ. [1]મગનલાલ નવલચંદ લાકડાવાળા

[ જન્મ–સુરતમાં સને ૧૮૬૧માં; જ્ઞાતિ–દસા શ્રીમાળી જૈન; નિવાસ–ચાંલ્લા ગલી, ગોપીપુરા; અવસાન–સને ૧૯૨૦માં ]

એઓ અહીંની રત્નસાગરજી જૈન વિદ્યાશાળાના મેનેજર હતા અને મિશન હાઈસ્કૂલમાં ગણિતના શિક્ષક હતા. એમણે અંકગણિત રચ્યું છે. એ "લાકડાવાળાનું ગણિત" તરીકે જાણીતું છે. અહીંના પહેલા નંબરની પ્રાથમિક શાળામાં હું ભણતો હતો ત્યારે સને ૧૯૦૫ના અરસામાં મેં આ ગણિતનો અભ્યાસ કર્યો હતો.

---

## ૧૪. પ્રા. મણીલાલ રસિકદાસ કાપડિયા

[ જન્મ–સુરતમાં વિ. સં. ૧૯૫૩માં; જ્ઞાતિ–દસા ડીસાવાલ વણિક; નિવાસ–ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ ]

આ મારા ત્રણ લઘુ બન્ધુઓમાં જ્યેષ્ઠ છે. એ બી. એસ. સી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યો હતો. એને અંગે એને શિષ્યવૃત્તિ મળી હતી. એમ. એસ. સી.ની પદવી પ્રાપ્ત કર્યા બાદ મુંબઈના "ઇન્સ્ટિટયુટ ઑફ સાયન્સ"માં ભૌતિક શાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે ઘણાં વર્ષો કામ કરી થોડાંક વર્ષોથી એ નિવૃત્ત થયો છે. એણે નિમ્નલિખિત કૃતિઓ રચી છે :—

1. Crystal structure of p–amino azobenzene by X–ray method ( 1933 )
2. X–ray investigation of the crystals of anthanilic acid ( 1935 )

---

૧. એમના પરિચય માટે જુઓ સૂ. સો. મૂ. (પૃ. ૪૨).

3. X-ray investigation of the crystals of p-azotoluene ( 1937 )
4. X-ray investigation of the crystals of p-amino benzoic acid-the space group ( 1937 )
5. The space group determination of the crystals of p-azotoluene ( 1938 )
6. Unit cell of the crystals of p-amino benzoic acid ( 1939 ).
7. Determination of the space groups of the crystals of o, m, and p-nitro benzoic acids ( 1940 )
8. X-ray analysis of some organic compounds ( 1941 )
9. Determination of the space groups of the crystals of Diphenil Benzamide and Anisic acid ( 1942 )

આ ઉપરાંત એણે નિમ્નલિખિત કૃતિ રચી છે :—

Questions and Solutions of Inter Science Physics papers 1914–1923, Bombay Uuiversity ( 1928 ).

વિશેષમાં આ જાતની કૃતિઓ દરેક વર્ષે ઠેઠ ઇ. સ. ૧૯૩૪ સુધી તૈયાર કરી એણે છપાવી છે.

---

## ૧૫. *શ્રી મનહરલાલ ચોકસી

[ જ્ઞાતિ–વીસા પોરવાડ જૈન ; નિવાસ–હરિપુરા ]

એમની કૃતિઓ નીચે મુજબ છે :—

( ૧ ) પ્રીતનાં પારેવડાં ( નવલકથા ) ( ૧૯૬૩ ).
( ૨ ) ગુજરાતી ગઝલ ( ૧૯૬૪ ).
( ૩ ) ગંગાસ્નાન ( વાર્તાસંગ્રહ ) ૧૯૬૪

Scanned by CamScanner

## ૧૬. કુમારી મનોરમા હીરાલાલ કાપડિયા

[ જન્મ–મુંબઇમાં સને ૧૯૨૪માં; જ્ઞાતિ–દસા ડીસાવાલ વણિક; નિવાસ–કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા. ]

આ મારી પુત્રીએ મુંબઇ વિદ્યાપીઠની બી. એ.ની પરીક્ષા સને ૧૯૪૬માં, એમ. એ.ની સને ૧૯૪૮માં (બંને વખત દ્વિતીય વર્ગમાં) અને બી. ટી.ની સને ૧૯૫૨માં પસાર કરી છે. હાલમાં એ અહીંની "ટી. એન. ટી. વી. સાર્વજનિક હાઇસ્કૂલ" માં શિક્ષિકા છે. એણે આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીઆનંદ-સાગરસૂરિજીનું એમના દેહવિલય સુધીનું જીવનચરિત્ર લખ્યું છે. "મારી જીવનકથા : રાજેન્દ્રપ્રસાદ" નામના એક દળદાર અને મહત્ત્વપૂર્ણ પુસ્તકનું એણે લખેલું અવલોકન "ફૉર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક"માં છપાયું છે.

---

## ૧૭. શ્રી મહેન્દ્ર ચીમનલાલ કાપડિયા

( હાલ મૃગેન્દ્રમુનિ )

[ જન્મ–મુનસાડમાં વિ. સં. ૧૯૯૭માં; જ્ઞાતિ–વીસા ઓસાવાલ; નિવાસ–સગરામપુરા; હાલ અમદાવાદ ]

એમણે પોતાનાં પિતા ચીમનલાલ (હાલ ચિદાનન્દમુનિજી) અને માતા ગજરા (હાલ સાધ્વી વિનીતાશ્રી) સાથે વિ. સં. ૨૦૦૩માં દીક્ષા લીધી હતી. એમણે "શ્રી મોહનલાલજી અર્ધ-શતાબ્દિ સ્મારક–ગ્રન્થ"નું સંપાદન ગઇ સાલ કર્યું હતું.

---

Scanned by CamScanner

## ૧૮. કુમારી મીનાક્ષી જીવણચંદ

( હાલ સાધ્વી મયણાશ્રી )

[ જ્ઞાતિ–ઓસવાલ જૈન; નિવાસ–ઝવેરી બજાર, ગોપીપુરા ]

એઓ સંસારી પક્ષે સ્વ. જીવણચંદ દયાલચંદ મલજીનાં પુત્રી થાય છે. પંદરમે વર્ષે દીક્ષા લીધા બાદ 'સૂર્યશિશુ'ના ઉપનામથી એમણે "કુલદીપક [ઐતિહાસિક વાર્તા]" નામનું પુસ્તક તૈયાર કર્યું છે. એ વિશાલરાજસૂરિના અને સુધાભૂષણના શિષ્ય જિનસૂરિએ સંસ્કૃતમાં રચેલા રૂપસેનચરિત્રનો ગુજરાતી અનુવાદ છે. આ અનુવાદ શ્રી. પ્રેમચંદ જીવણચંદ મલજીએ—લેખિકાના બંધુએ વિ. સં. ૨૦૧૭માં પ્રકાશિત કર્યો છે.

---

## ૧૯. ડૉ. રણજીતલાલ ખીમચંદ મપારા

[ જન્મ–ઇ. સ. ૧૯૧૬માં; જ્ઞાતિ–હોરાસાત; નિવાસ–મોટો રસ્તો, ગોપીપુરા ]

એમણે ઇ. સ. ૧૯૪૧માં એમ. એસ. સી.ની અને ઇ. સ. ૧૯૫૫ માં પી. એચ. ડી.ની પદવી અનુક્રમે નિમ્નલિખિત સંશોધનકાર્ય કરી પ્રાપ્ત કરી હતી :—

A study in the reactivity of the hydrogen atom of the imido ( NH ) group situated between two keto groups.

Studies in the synthesis of intermediates of Antimalarials.

હાલમાં તેઓ અહીંની સાયન્સ કોલેજમાં પ્રાધ્યાપક છે. એમણે નીચે મુજબની કૃતિઓ રચી છે :—

Scanned by CamScanner

(૧) પ્રિ–યુનિવર્સિટી સાયન્સ માટેનું અકાર્બનિક રસાયણશાસ્ત્ર (૧૯૫૫)

(૨) ફર્સ્ટ ઇયર બી. એસ.સી. માટેનું ભૌતિક, અકાર્બનિક અને કાર્બનિક રસાયણશાસ્ત્ર (૧૯૫૬)

(૩) ફર્સ્ટ ઇયર બી. એસ.સી. માટેનું પ્રાયોગિક રસાયણશાસ્ત્ર (૧૯૫૬)

(૪) સેકન્ડ ઇયર બી. એસ.સી. માટેનું પ્રાયોગિક રસાયણશાસ્ત્ર (૧૯૫૭)

(૫) થર્ડ ઇયર બી. એસ.સી. માટેનું પ્રાયોગિક કાર્બનિક રસાયણશાસ્ત્ર (૧૯૫૭)

(૬) સેકન્ડ ઇયર બી.એસ.સી. માટેનું ભૌતિક, અકાર્બનિક અને કાર્બનિક રસાયણશાસ્ત્ર (૧૯૬૩)

(૭) થર્ડ ઇયર બી. એસ.સી. માટેનું કાર્બનિક રસાયણશાસ્ત્ર (૧૯૬૫)

આ ઉપરાંત એમની અંગ્રેજી કૃતિઓ નીચે મુજબ છે :—

1. Practical Organic Analysis and Synthesis for B. Sc., Students (1957)
2. Principles of Chemical Analysis for B. Sc. Students (1958)
3. Lives of eminent Chemists (1961)

Scanned by CamScanner

## ૨૦. શ્રી વિબોધચન્દ્ર હીરાલાલ કાપડિયા

[ જન્મ-મુંબઇમાં સને ૧૯૨૭માં; જ્ઞાતિ-દસા ડીસાવાલ વણિક; નિવાસ-કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા; હાલ પૂના ]

આ મારા ત્રણ પુત્રોમાંનો વચલો પુત્ર છે. મેટ્રિકની પરીક્ષામાં સુરત કેન્દ્રમાંના વિદ્યાર્થીઓમાં ગુજરાતીમાં સૌથી વધારે ગુણાંક મેળવવા બદલ એને "ગુજરાતી સાહિત્ય મંડળ" તરફથી "સ્વ. બાબુભાઈ સ્મારક" ઇનામ મળ્યું હતું.

એમ. એસ. સી. માટે ઇન્સ્ટિટયુટ ઑફ્ સાયન્સમાં એ અભ્યાસ કરતો હતો ત્યારે એને "Technical Chemistry"ને અંગે "Technical Education, Bombay State," તરફથી શિષ્યવૃત્તિ મળી હતી.

એમ. એસ. સી.ની પદવી નિમ્નલિખિત વિષય લઇને મળ્યા બાદ એ પૂનાની "નેશનલ કેમિકલ લેબોરેટરી"માંના "ઓર્ગેનિક ડિવિઝન" માં કામ કરે છે અને સાથે સાથે પી. એચ. ડી.નો અભ્યાસ પણ કરે છે.

Component Fatty Acids of Hydrogenated Fats and correlation of their Stability.

એની સહકાર્યરૂપ કૃતિઓ નીચે મુજબ છે :—

1. Effect of Butylated Hydroxy Anisole on the stability of oils and Hydrogenated Fats (1952)
2. Antioxidants during frying of fat (1954)
3. Indian Tobacco seed oil for Varnishes and Paints (1954)

Scanned by CamScanner

4. Refining or Nahor seed ( Mesua Ferra ) and Polang ( Callophyllum Inophyllum ) oils (1954)
5. Stabilisation of Kamals seed ( Mallotus phillippinensis ) oil (1955)
6. The Molecular Constitution of Kamala oil (1957)
7. Molecular Composition of Kamala seed oil (1958)
8. Structure of Mustakone and Copaene (1963)
9. Studies in Sesquiterpenes - XXII : Structure of Mustakone and Copaene (1965)

---

## ૨૧. *શ્રી શાંતિલાલ ભગવાનજી શાહ ( દામકાકર )

[ જન્મ–દામકામાં; જ્ઞાતિ–ઓસવાલ; નિવાસ–દેશાઇપોળ ]

એમની નીચે મુજબની આઠ કૃતિઓ સને ૧૯૬૪ સુધીમાં છપાઈ છે :—

( ૧ ) કારસ્તાન, ( ૨ ) કરોડપતિ, ( ૩ ) ફિલ્મપત્રકાર, ( ૪ ) જાસુસી જાળ, ( ૫ ) એપ્રિલ ફૂલ, ( ૬ ) બાજી, ( ૭ ) એક નહીં, બે ચક્કરમાં અને ( ૮ ) સાહેબનું પ્રેત.

---

## ૨૨. સ્વ. [1]સાકેરચંદ માણેકચંદ ઘડિયાળી

[ જન્મ–સુરતમાં સને ૧૮૭૭માં, જ્ઞાતિ–વીસા શ્રીમાલી જૈન; નિવાસ–મોટા રસ્તા, ગોપીપુરા; અવસાન–સને ૧૯૬૧માં ]

૧. એમના પરિચય માટે જુઓ ગ્રન્થ અને ગ્રન્થકાર ( પુસ્તક ૯, પૃ. ૧૩૮–૧૩૯ ) તથા સૂ. સો. મુ. ( પૃ. ૧૫૬ ).

Scanned by CamScanner

મુંબઈ સમાચારમાં "જૈન ચર્ચા"ના લેખક તરીકે એઓ જૈન જનતામાં સુપ્રસિદ્ધ છે એમણે નીચે મુજબનાં પુસ્તકો લખ્યાં છે :—

દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મ (૧૯૦૨)
મોતની ખીણ (૧૯૦૩)
પારસમણિ (૧૯૨૦)
વિજયકળા (૧૯૨૩)
હિપ્નોટિઝમ અથવા જીવતું વશીકરણ (૧૯૨૫)
દિવ્યદૃષ્ટિ પણ એમની કૃતિ હોવાનું કેટલાક કહે છે.

—

## ૨૩. શ્રીમતી સુશીલા ચીમનલાલ ઝવેરી

[ જન્મ-સને ૧૯૨૦માં; જ્ઞાતિ-વીસા પોરવાડ; નિવાસ-મોટા રસ્તા, ગોપીપુરા; હાલ મુંબઈ ]

ચૌદ વર્ષની વયે પરિણીત થનારાં એમણે શાળા પૂરતો તો માત્ર ગુજરાતી ત્રણ ચોપડી જેટલો જ અભ્યાસ કર્યો હતો પરંતુ વાંચન અને મનનથી એઓ 'લેખિકા' બની શકયાં છે. એમણે વિવિધ વિષયનાં લઘુ ગેય કાવ્યો રચ્યાં છે. એ પૈકી ૧૪૨ કાવ્યોનો સંગ્રહ "[1]વિચિમાલા"ના નામથી "ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયે" ઇ.સ. ૧૯૬૩માં પ્રકાશિત કર્યો છે. ૧૩૩મા કાવ્યનું શીર્ષક "સુરત શહેર" છે.

—

૧. આ નામ અશુદ્ધ છે.

## ૨૪. પ્રા. સૂર્યકાન્ત શોભાગચંદ શાહ

[ જન્મ–મુંબઇમાં સને ૧૯૩૯માં; જ્ઞાતિ–વીસા શ્રીમાળી; નિવાસ–મોટા રસ્તા, ગોપીપુરા ]

એમણે એમ. કોમ.ની પરીક્ષા પસાર કરી છે. એઓ અહીંની સર કે. પી. કૉલેજ ઑફ કોમર્સમાં પ્રાધ્યાપક છે. એમણે આ કૉલેજમાં 'ફેલો' હતા ત્યારે નિમ્નલિખિત કૃતિઓ ઇ. સ. ૧૯૬૧માં રચી હતી:—

1. Question—Answer—Series in Principles of Economy.
2. Monetary Theories.
3. Business Organization.
4. Mercantile Law.
5. Modern Economic Development for B.Com. Students.

એમણે ઇ. સ. ૧૯૬૩માં વાણિજ્યનાં મૂળ તત્ત્વો નામનું પુસ્તક લખ્યું છે. એ "પ્રિ–યુનિવર્સિટી વાણિજ્ય"ના વિદ્યાર્થીઓ માટેનું પાઠ્યપુસ્તક છે.

---

## ૨૫ [1]શ્રી હીરાચંદ કસ્તૂરચંદ ઝવેરી

[ જન્મ–સને ૧૯૦૧માં; જ્ઞાતિ–વીસા ઓસવાળ જૈન; નિવાસ–માળી ફળિયા, ગોપીપુરા; હાલ મુંબઇ]

---

૧. એમનો પરિચય ગ્રન્થ અને ગ્રન્થકાર (પુસ્તક ૯, પૃ. ૧૪૮)માં અપાયો છે.

એમણે મેટ્રિક સુધી અભ્યાસ કરી પ્રો. એફ. કબલ્યુ બેઈનનાં પાંચ પુસ્તકોનું ભાષાન્તર કર્યું છે. એનાં નામ નીચે મુજબ છે :—

સંસારસ્વપ્ન, મૃગજળ, જગન્મોહિની અને નટરાજ અને નાગકન્યા.

આ ચારે ભાષાંતર ઇ. સ. ૧૯૨૨થી ઈ. સ. ૧૯૨૬ના ગાળામાં છપાયાં છે. વળી એમણે ફીટ્ઝ જીરાલ્ડના રૂબાઈયાતે ઉમર ખય્યામના કાવ્યના: અંગ્રેજી ભાષાંતરનો "મયખાનું" નામથી ઈ. સ. ૧૯૫૧માં ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. 'કવિકુલકિરીટ' કાલિદાસકૃત મેઘદૂતનું એમણે જે સમશ્લોકી ભાષાંતર કર્યું હતું તે સને ૧૯૫૮ના "બુદ્ધિપ્રકાશ" (ઑગસ્ટ–સપ્ટેમ્બર)ના અંકમાં છપાયું છે. એમણે જંબૂતિલક નામના મહાકાવ્યનો અડધો ભાગ લખ્યો છે અને એમાંનો એક સર્ગ "દેશબન્ધુ"ના દીપોત્સવી અંકમાં છપાયો છે. હાલમાં એમણે ત્રિભુવનતિલક મહાકાવ્ય વિવિધ છંદોમાં રચ્યું છે. એમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું ચરિત્ર આલેખાયું છે. એમાં લગભગ ૧૬૦૦ શ્લોક છે.

---

## ૨૬. શ્રી હીરાચંદ દેવચંદ

### ( હાલ હેમસાગરસૂરિજી )

[ જ્ઞાતિ–વીસા ઓસવાલ જૈન; નિવાસ–ચાલ્લા ગલી, ગોપીપુરા; હાલ મુંબઈ ]

દાક્ષિણ્યચિહ્નસૂરિએ ઉર્ફે ઉદ્દ્યોતનસૂરિએ વિ. સં. ૮૩૫માં પૂર્ણ કરેલી મનોરમ 'કુવલયમાલા' કથાનો આ સૂરિજીએ

Scanned by CamScanner

ગુજરાતી અનુવાદ કર્યો છે અને એ આ વર્ષે છપાવાયો છે. આ સૂરિએ આ પૂર્વે ધર્મદાસગણિકૃત ઉવએસમાલાનું રત્નપ્રભ-સૂરિએ એની રચેલી 'દોઘટ્ટી' નામની વૃત્તિ સહિત સંપાદન કર્યું છે. 'સજ્જનસન્મિત્ર' પણ એમનું સંપાદન છે.

અંતમાં હવે હું મારે વિષે થોડુંક કહીશ.

મારે અંગે કેટલીક માહિતી "ગ્રન્થ અને ગ્રન્થકાર" (પુસ્તક ૬)માં, 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' (પૃ. ૫)માં, "મુંબઈ સમાચાર" (સાપ્તાહિક)ના તા. ૧૫–૧–'૫૬ના અંકમાં તેમ જ [1]સૂ. સો. મૂ. (પૃ. ૮૬–૮૭)માં અપાઈ છે.

હું આજે પચાસ વર્ષથી એકધારી લેખનપ્રવૃત્તિ અત્યાર સુધી તો કરી શક્યો છું. એને લઈને અત્યાર સુધીમાં મારાં ૫૭ પુસ્તકો અને લગભગ સાત સો લેખો પ્રકાશિત થયાં છે. આજથી પાંચ વર્ષ ઉપર પ્રસિદ્ધ થયેલી મારી પુસ્તિકા નામે હીરક–સાહિત્ય–વિહારમાં ૫૨ મુદ્રિત કૃતિઓની અને ૩૫ અમુદ્રિત કૃતિઓની તેમ જ [2]૫૪૬ પ્રકાશિત લેખોની નોંધ છે. ત્યાર બાદનાં પુસ્તકોની નોંધ "કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય"માં મેં લીધી છે. મારી કૃતિઓની અદ્યતન સૂચી નીચે મુજબ છે:—

---

૧. આમાં મારી કેટલીક કૃતિઓનાં નામ અશુદ્ધ છપાયાં છે.

૨. આ પૈકી ૪૯૭ લેખો ગુજરાતીમાં, ૩૮ અંગ્રેજીમાં, ૯ હિન્દીમાં અને ૨ સંસ્કૃતમાં છે. લગભગ ૫૦૦ અપ્રકાશિત છે.

Scanned by CamScanner

## (૧) સ્વરચિત અને સંપાદિત (૧-૨૯)

૧-૬. આર્હત જીવન જ્યોતિ (કિરણાવલી [1]૧-૬) (૧૯૩૪, ’૩૫, ’૩૫, ’૩૬, ’૩૭ અને ’૪૨)

૭. પતંગપુરાણ યાને કનકવાની કથની (૧૯૩૮)

૮. [2]પતંગપોથી (૧૯૩૯)

૯. આર્હત આગમોનું અવલોકન યાને તત્ત્વરસિકચન્દ્રિકા (ભાગ ૧) (૧૯૩૯)

૧૦. આગમોનું દિગ્દર્શન (૧૯૪૮)

૧૧. પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (૧૯૫૦)

૧૨. પિસ્તાલીસ આગમો (૧૯૫૦)

૧૩. જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (ખંડ ૧ : સાર્વજનીન સાહિત્ય) (૧૯૫૭)

૧૪. હીરક-સાહિત્ય-વિહાર (૧૯૬૦)

૧૫. વિનયસૌરભ (૧૯૬૨)

૧૬. શ્રી હરિભદ્રસૂરિ (મહત્તરા યાકિનીના ધર્મપુત્ર સમભાવ-ભાવી) (૧૯૬૩)

૧૭. કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય (૧૯૬૫)

૧૮-૨૫ Descriptive Catalogue of the Government Collections of Manuscripts (Vol. XVII, pts. 1-5, Vol. XVIII, pt. 1 & Vol. XIX, section 1. pts. 1-2) (1935, ’36, ’40, ’48, ’54, ’52, ’57 & ’62).

---

૧. પહેલી કિરણાવલીનું દ્વિતીય સંસ્કરણ ઇ. સ. ૧૯૪૦માં પ્રકાશિત કરાયું છે.

૨. આ લખાણ “ પતંગ અંક ” (સચિત્ર) તરીકે “ ગાંડીવ ” (વ. ૧૩, અં. ૧૨)માં છપાયું છે.

Scanned by CamScanner

૨૬. [1]A History of the Canouical Literature of the Jainas (1941)

૨૭. The Student's English Pāiya Dictionary (1941)

૨૮. The Jaina Religion and Literature (Vol. I) (1944)

૨૯. Historical & Cultural Chronology of Gujarat (Jaina Contributions) (1960)[2]

## (૨) અનુવાદિત અને સંપાદિત (૩૦–૪૪)

૩૦. [3]ન્યાયકુસુમાંજલિ અંગ્રેજી ઉપોદ્‌ઘાત સહિત (૧૯૨૨)

૩૧. શૃંગારવૈરાગ્યતરંગિણી (૧૯૨૩)

૩૨. સ્તુતિચતુર્વિંશતિકા (સચિત્ર) (૧૯૨૬)

૩૩. ચતુર્વિંશતિકા (સચિત્ર) (૧૯૨૬)

૩૪–૩૫. ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ (ભાગ ૧–૨) (સટીક) (૧૯૨૬ અને ૧૯૨૭)

૩૬. ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ (સટીક) (૧૯૨૭)

૩૭. તત્ત્વાર્થસૂત્ર (૧૯૨૮)

૩૮. વૈરાગ્યરસમંજરી (૧૯૩૦)

૩૯. [4]જૈનતત્ત્વપ્રદીપ (૧૯૩૨)

---

૧. આને અંગે "મુંબઇ વિદ્યાપીઠ" તરફથી મને પ્રકાશનદાન (publication grant) મળ્યું હતું.

૨. આ ઉપરાંત મારી "સુરતના સૈયદપુરાનું જિનમંદિર અને એનાં ફલકો ઉપરનાં ચિત્રો" નામની પુસ્તિકા ઇ. સ. ૧૯૬૧માં છપાવાઇ છે.

૩. આનો ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં પણ અનુવાદ કરાયો છે.

૪. આના વિસ્તૃત વિવેચનનું નામ **આર્હત-દર્શન-દીપિકા** છે.

Scanned by CamScanner

૪૦. [1]ભક્તામર–કલ્યાણમન્દિર–નમિઊણ–સ્તોત્રત્રય (સટીક) સંસ્કૃત ભૂમિકા સહિત (૧૯૩૨)

૪૧. ઋષભપંચાશિકા (ઉસભપંચાસિયા) અને વીરસ્તુતિયુગલરૂપ કૃતિકલાપ (૧૯૩૩)

૪૨. ચતુર્વિંશતિપ્રબન્ધ (૧૯૩૪)

૪૩. [2]ગણહરવાય (ગણધરવાદ) (ગા. ૧૫૪૯–૧૬૧૯) (૧૯૪૨)

૪૪. કંસવહ (કંસવધ) (પદ્યાત્મક) (૧૯૪૪)

## (૩) સંશોધિત અને સંપાદિત (૪૫–૫૭)

૪૫–૪૬. તત્ત્વાર્થાધિગમસૂત્ર સ્વોપજ્ઞ ભાષ્ય અને સિદ્ધસેનીય ટીકા સંસ્કૃત અને અંગ્રેજી ઉપોદ્ઘાત સહિત (ભા. ૧–૨) (૧૯૨૬ અને ૧૯૩૦)

૪૭. શોભનસ્તુતિ વિવિધ ટીકાઓ અને સંસ્કૃત ભૂમિકા સહિત (સચિત્ર) (૧૯૩૦)

૪૮. પદ્માનન્દ–મહાકાવ્ય સંસ્કૃત ભૂમિકા અને અંગ્રેજી ઉપોદ્ઘાત સહિત (૧૯૩૨)

૪૯. ચતુર્વિંશતિપ્રબન્ધ સંસ્કૃત પ્રસ્તાવના સહિત (૧૯૩૨)

૫૦. પ્રિયંકરનૃપકથા અને ઉવસગ્ગહરથોત્ત સંસ્કૃત પ્રસ્તાવના સહિત (૧૯૩૨)

૫૧. જૈનધર્મવરસ્તોત્ર (સટીક), ગોધૂલિકાર્થ અને સભાચમત્કાર સંસ્કૃત પ્રસ્તાવના સહિત (૧૯૩૩)

૫૨. અનેકાર્થરત્નમંજૂષા સંસ્કૃત પ્રસ્તાવના સહિત (૧૯૩૩)

---

૧. આ ત્રણે સ્તોત્રોનો અંગ્રેજીમાં અનુવાદ કરાયો છે.

૨. આનો અંગ્રેજી સ્પષ્ટીકરણપૂર્વક અંગ્રેજીમાં અનુવાદ કરાયો છે.

Scanned by CamScanner

૫૩. ગણિતતિલક અંગ્રેજી [1]ઉપોદ્ઘાત અને સંસ્કૃત પ્રસ્તાવના સહિત ( ૧૯૩૭ )
૫૪–૫૫. અનેકાન્તજયપતાકા ( સટીક ) ( ખંડ ૧–૨ ) અંગ્રેજી ઉપોદ્ઘાત સહિત ( ૧૯૪૦ અને ૧૯૪૭ )
૫૬. નવતત્ત્વસંગ્રહ ( હિન્દી ) ( ૧૯૩૧ )
૫૭. The Doctrine of Karman in Jain Philosophy (૧૯૪૨)

## ( ૪ ) છપાતી ( in press ) ( ૧–૩ )

૧. યશોદોહન ( ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયગણિનાં જીવન અને કવન )
૨. જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ( ખંડ ૨, ભાગ ૧ )
૩. Descriptive Catalogue of the Government Collections of Manuscripts ( Vol. XIX, Sec. 2, pt. 1 )

## ( ૫ ) અપ્રકાશિત ( ૧–૩૧ )

૧. અવશિષ્ટ અને અનુપલબ્ધ આગમો ( સંક્ષિપ્ત રૂપરેખા )
૨. [2]આગમિક પ્રકરણો
૩–૭. આર્હત જીવન જ્યોતિ ( કિરણાવલી ૭–૧૧ )
૮. ગણધરવાદ યાને સત્યાર્થીની શંકાઓ અને તેનું સમાધાન
૯. ચિત્ર–કાવ્ય–મીમાંસા
૧૦. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ( ખંડ ૨, ભા. ૨ )

---

૧. આનો મોટો ભાગ જૈન ગણિતને અંગે "મુંબઈ વિદ્યાપીઠ" તરફથી ઇ. સ. ૧૯૨૩માં સંશોધનદાન ( research grant ) મળતાં તૈયાર કરાયો હતો.

૨. આનો હિન્દી અનુવાદ जैन साहित्यका इतिहास નામના પુસ્તકમાં છપાવાનો છે.

Scanned by CamScanner

૧૧. ધર્મોપકરણો
૧૨. વૈદિક વાઙ્મયનું વિહંગાવલોકન
૧૩. શ્રમણસંહિતા
૧૪. હરિયાળીસંગ્રહ
૧૫. A History of the Non-canonical Literature of the Jainas ( Vols. I–II )
૧૬. A Sketch of the Life and Teachings of Lord Mahāvīra
૧૭–૨૫. Descriptive Catalogue of the Government Collections of Manuscripts ( Vol. XVIII, pts. 2–5, Vol. XIX. Sec. 2, pts. 2–5 & Sec. 3. )
૨૬. English Translation of Ganaharavāya ( v. 1620–1699 )
૨૭. English Translation of Jaina Dars'ana
૨૮. English Translation of Jaina Tattvādars'a ( Hindi ) ( Part I )
૨૯. English Translation of Vīravibhuti
૩૦. Tattvārthasutra along with its Prākrit, Gujaratī & English Renderings.
૩૧. The Jaina Religion and Literature ( Vol. II )

**રચાતી ( in preparation ) ( ૧–૨ )**

૧. કર્મમીમાંસા. ૨. કષાયમીમાંસા.

આ પ્રમાણે મેં સમય અને સાધન અનુસાર મારી તેમ જ અન્ય ૨૬ વ્યક્તિઓની વિવિધ ભાષાઓમાં રચાયેલી કૃતિઓની નોંધ લીધી છે.

---

Scanned by CamScanner